# <u>ક્રાઇમ બ્રાંચ</u>

**સરનામુ-** ચોક બજાર કુરજા, ધનરાજ પેટ્રોલ
પંપની બાજુમાં, સુરત શહેર
**સંપર્ક નંબર-** ૦૨૬૧-૨૪૩૬૦૨૪

## <u>મારા મારીના ગંભીર પ્રકારના ગુનાઓમાં નાસતા ફરતા મનિષ કુકરી ગેંગના સાગરીતોને એક દેશી હાથ બનાવટની પિસ્ટલ તથા કાર્ટિઝ સાથે ઝડપી પાડતી, સુરત શહેર ક્રાઇમ બ્રાંચ.</u>

સુરત શહેર વિસ્તારમાં ડી.સી.બી. પો.સ્ટે.ના પોલીસ સબ ઇન્સ્પેકટર તથા પોલીસ ટીમના માણસો શહેર વિસ્તારમાં અનડીટેક્ટ ગુનાઓ શોધી કાઢવા સારૂ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન બાતમી મળેલ કે, ‘‘મનીષ કુકરી ગેંગના સાગરીતો નામે કિરીટ માવાણી તથા ચિરાગ ઉર્ફે ભાણો નામના ઇસમો પોતાના કબ્જામાં દેશી હાથ બનાવટની પિસ્ટલ તથા કાર્ટીઝ લઇને ફરી રહેલ છે અને તેઓ થોડી વારમાં કાપોદ્રા ખોડીયારનગર રોડ, બજરંગનગર સોસાયટી પાસે આવનાર છે જે હકીકત આધારે બાતમીવાળી જગ્યાએથી આરોપી (૧) કિરીટભાઇ હિંમતભાઇ માવાણી ઉ.વ.૨૮ રહે-બિલ્ડીંગ નં-એ/૪, ફ્લેટ નં-૪૦૮, રોયલ ટાઉનશીપ, શ્યામધામ મંદિરની પાછળ, સરથાણા જકાતનાકા, સુરત,. મુળવતન ગામ-પાલડી તા-ગારીયાધાર જી-ભાવનગર (૨) ચિરાગ ઉર્ફે ભાણો ઉર્ફે દાઉદ S/O કિરીટભાઇ ચોડવડીયા ઉ.વ.૨૬ રહે-એ/૨૮, ગજાનંદ સોસાયટી, મહાલક્ષ્મી સોસાયટીની બાજુમાં, યોગીચોક, સરથાણા સુરત. મુળવતન ગામ-(કમી) કેરાળા તા-ધારી જી-અમરેલી નાઓને દેશી હાથ બનાવટની પિસ્ટલ નંગ-૧ કિ.રૂ-૧૫૦૦૦/- તથા કાર્ટિઝ નંગ-૩ કિ.રૂ-૩૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૨ કિ.રૂ-૫૫૦૦/- મળી કુલ્લે કિ.રૂ-૨૦૮૦૦/-ની મત્તાના મુદ્દામાલ સાથે મળી આવતા તેઓની ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી કરી તેઓ વિરૂધ્ધમાં ડી.સી.બી. પો.સ્ટે. ॥ ગુ.ર.નં-૦૬/૨૦૧૯ આર્મ્સ એકટ કલમ ૨૫(૧)એ તથા ઇ.પી.કો. કલમ-૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબનો ગુનો નોંધી સદર આરોપીઓની પુછપરછ કરતા બંને આરોપીઓ વિરૂધ્ધમાં (૧) સરથાણા પો.સ્ટે. । ગુ.ર.નં.૨૬/૨૦૧૯ ઇ.પી.કો. કલમ-૩૦૭, ૩૫૨, ૧૧૪, તથી જી.પી.એક્ટ કલમ-૧૩૫ (૨) ચોકબજાર પો.સ્ટે. । ગુ.ર.નં.૨૦૭/૨૦૧૮ ઇ.પી.કો. કલમ-૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫ તેમજ આરોપી (૧) કિરીટભાઇ હિંમતભાઇ માવાણી વિરૂધ્ધમાં (૩) સરથાણા પો.સ્ટે. । ગુ.ર.નં-૪૨૬/૨૦૧૮ ઇ.પી.કો. કલમ-૩૦૭, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨) ૧૧૪, તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫. આરોપી કિરીટભાઇ હિંમતભાઇ માવાણીનો ગુનાહિત ઇતિહાસ:- સદર આરોપી અગાઉ સને-૨૦૧૫, સને-૨૦૧૭, સને-૨૦૧૮ માં ગંભીર પ્રકારના મારામારી તથા લુંટના ગુનાઓમાં પકડાયેલ છે.